**ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા માટે**
**સમિતિની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ આઈસીડી-૧૦૨૦૧૦-૨૫૩૩-બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૯/૮/૨૦૧૦

**વંચાણે લીધાઃ-**

(૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પગર-૧૧૯૪-૪૪-મ, તા.૧૬-૮-૧૯૯૪
(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ આઈસીડી-૧૦૨૦૦૧-૨૪૬૬-બ, તા.૨-૪-૨૦૦૨
(૩) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ આઈસીડી-૧૦૨૦૦૨-૭૨૫-બ, તા.૩-૮-૨૦૦૭

**ઠ રા વઃ-**

સરકારી કર્મચારીઓ માટે બઢતીનો અભાવ અને મર્યાદિત બઢતીની તકોના પ્રશ્નને હલ કરવા માટે નાણાં વિભાગના તા.૧૬-૮-૧૯૯૪ના ઠરાવથી ઉચ્ચતર પગાર ધોરણની યોજના અમલમાં મુકાયેલ છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તક સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ફરજ બજાવતાં વર્ગ-૩ અને વર્ગ-૨ ના કર્મચારી/અધિકારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરી શકાય તે માટે અનુક્રમ-૨ અને ૩ થી ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા માટેની સમિતિની રચના કરવામાં આવેલ છે. જેમાં સુધારો કરીને નીચે મુજબ સમિતિની પુનઃ રચના કરવામાં આવે છે.

(૧) સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ ને જિલ્લા પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ નું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા માટે નીચે મુજબ સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી | અધ્યક્ષશ્રી |
| ૨. | નાયબ સચિવશ્રી/સંયુકત સચિવશ્રી/અધિક સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| ૩. | નિયામકશ્રી(આઈસીડીએસ), મહિલા અને બાળ વિકાસની કચેરી | સભ્યશ્રી |
| ૪. | હિસાબી અધિકારીશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી | સભ્યશ્રી |

(૨) સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ફરજ બજાવતી મુખ્યસેવિકા/સુપરવાઈઝર, વર્ગ-૩ ના કર્મચારીઓને બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨નું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા માટે નીચે મુજબ સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | નિયામકશ્રી(આઈસીડીએસ), મહિલા અને બાળ વિકાસની કચેરી | અધ્યક્ષશ્રી |
| ૨. | નાયબ સચિવશ્રી/સંયુકત સચિવશ્રી/અધિક સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| ૩. | ઉપસચિવશ્રી(આઈસીડીએસ), મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| ૪. | હિસાબી અધિકારીશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી | સભ્યશ્રી |

આ સમિતિ નાણાં વિભાગના તા.૧૬-૮-૧૯૯૪ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૧૯૪-૪૪-મ તેમજ નાણાં વિભાગ દ્વારા આ અંગે બહાર પાડવામાં આવતી સુચનાઓ મુજબ ઉચ્ચતર પગાર ધોરણના ઠરાવોની શરતો અને જોગવાઈઓને પરિપૂર્ણ કરતાં ઉમેદવારોનું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાની દરખાસ્તો પર વિચારણા કરી, સરકારશ્રીને ભલામણ કરશે.

સમિતિની બેઠક જરૂરીયાત મુજબ સમયાંતરે મળશે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(વાય.એન.બારોટ)**
સંયુકત સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,
- માન.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી, તમામ.
- શાખા સિલેકટ ફાઈલ.
- ના.સે.અ.શ્રી/ શાખા સિલેકટ ફાઈલ.